## પાલનપુર નજીક આવેલા

# હાથિદ્રા હર ગંગેશ્વર મહાદેવ મંદિરના સેવકોને રહેવા રૂપિયા ૪૦ લાખના ખર્ચે પદ્માવતી ભવન બનાવાયુ

### મહંતશ્રી દયાલપુરી બાપુના હસ્તે ગુરુપૂર્ણિમાના દિવસે આવાસ ખુલ્લા મુકાયા

પાલનપુર તા.૮

પાલનપુર તાલુકાના હાથિદ્રા ગામે હર ગંગેશ્વર મહાદેવજીનું પૌરાણિક મંદિર આવેલું છે. જ્યાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે પધારે છે. જેમની સેવા કરવા માટે રહેતા સેવકો ને રહેવા માટે રૂપિયા ૪૦ લાખના ખર્ચે અદ્યતન આવાસ બનાવાયા છે. જે ગુરુપૂર્ણિમાના દિવસે મહંત શ્રી દયાલપુરી બાપુના હસ્તે ખુલ્લા મુકાયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર તાલુકાના હાથીદરા ગામે પૌરાણિક શ્રી હર ગંગેશ્વર મહાદેવજીના મંદિરે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં





ભાવિક ભક્તોએ મહંતશ્રી દયાલપુરી બાપુની પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. ભજન સત્સંગ કાર્યક્રમ પછી અહીં રહી ભાવિક ભક્તોની સેવા કરતા સેવકોને રહેવા માટેના આવાસ પદ્માવતી ભવન મહંતશ્રી દયલપુરી બાપુના હસ્તે ખુલ્લુ મુકાયું હતું. મહંતે જણાવ્યું હતું કે, ૧૨ સેવકો કાયમી અહીંયા રહી શ્રદ્ધાળુઓની સેવા કરે છે. જેમના માટે રૂપિયા ૪૦ લાખના ખર્ચે આ ભવન બનાવાયું છે. જેમાં ઓસરી, એક રૂમ અને સંડાશ બાથરૂમની સુવિધા છે.

## જેટકો સામે ૧૧ દિવસનું આંદોલન સમેટાયું

# ઉત્તર ગુજરાતમાં જેટકોના ૧૨,૦૦૦ કર્મચારીઓના આંદોલનનો અંત

### જૂનિયર ઈજનેરોના ઓર્ડર રદ કરવાની સૂચનાથી સમાધાન

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૭

રાજ્યના જી.ઈ.બી. એન્જીનિયર્સ એસોસીએશન દ્વારા જેટકો સામે પડતર પ્રશ્નો મુદ્દે ચાલતા આંદોલનનો અંત આવ્યો છે. ૧૧ દિવસના આંદોલન પછી જેટકો મેનેજમેન્ટ દ્વારા વિદ્યુત જુનિયર ઈજનેરોના ઓર્ડર રદ કરી રીસ્ટોર કરી મોડીફીકેશનની પ્રક્રીયા રદ કરવાની જેટકોના એમ.ડી.ને સૂચના આપવામાં આવી છે જેથી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૧૨,૦૦૦ કર્મચારીઓએ આખરે આંદોલન સમેટી લીધું છે.

પ્રાપ્ત જાણકારી મુજબ જેટકોમાં જુનિયર ઈજનેરોના રદ ઓર્ડર રીસ્ટોર કરવા મુદ્દે એસોસીએશન હરકતમાં આવ્યું હતું અને જેટકો મેનેજમેન્ટ સાથે યોજાયેલી વાટાઘાટોમાં કોઈ નિરાકરણ આવ્યું ન હોવાથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ગત તા.૨૩મી થી આંદોલનની શરુઆત કરવામાં આવી હતી. તા.૨૮ થી અચોક્કસ મુદતની હડતાલની જાહેરાત કરવામાં આવી જેથી ઉર્જા વિભાગ અને સમિતિના હોદેદારો સાથે ફરી બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વર્ષો જૂના પડતર પ્રશ્નો મુદ્દે જેટકોના કર્મચારીઓ આ વખતે આક્રમક મૂડમાં હતા અને જો આંદોલન લાંબુ ચાલ્યું તો ઉર્જા વિભાગની કામગીરીને અસર થવાની સંભાવના હતી. ઉત્તર ગુજરાતમાં આ આંદોલનને ૧૨,૦૦૦ જેટલા કર્મચારીઓએ ટેકો આપ્યો હતો જેમાં તા. ૩ના રોજ યોજાયેલી બેઠકમાં ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ વિવાદી પ્રક્રીયા રદ કરવાની સૂચના આપવામાં આવી છે. જેટકોના એમ.ડી.ને અન્ય મુદ્દાઓનું પણ નિરાકરણ લાવવા માટે સૂચના આપવામાં આવી હોવાથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં જેટકો સામેના આંદોલનમાં જોડાયેલા કર્મચારીઓએ આખરે આંદોલન સમેટી લીધું છે. લાંબા સમયથી પડતર રહેલા સ્ટાફના સેટઅપની નિયમ મુજબ ફાળવણી કરવી, હોટલાઈન કેડરમાં કામગીરી કરતા અધિકારી, કર્મચારીઓને અપાતા એલાઉન્સને રીવાઈઝ કરવા, જેટકોના કર્મચારીઓને ઈન્સેટીવની સ્કીમ અંતર્ગત એસોસીએશને વિશ્વાસમાં લીધા વગર નિર્ણય ન લેવા તેમજ જૂનિયર આસીસ્ટન્ટની કામગીરીનું ભારણ ચકાસ્યા વગર પોસ્ટ ઘટાડવાના એક તરફી નિર્ણયો વગેરે મુદ્દે ઉકેલ લાવવાની ખાત્રી આપવામાં આવતાં ૧૧ દિવસથી જેટકો સામે ચાલતા આંદોલનનો સુખદ અંત આવ્યો છે.

# જિલ્લામાં ટામેટાંના ભાવ વધતાં રસોડામાંથી અદશ્ય થવાની તૈયારી

### આગામી બે મહિના સુધી ભાવ ઘટવાની સંભાવના નથી

બાયડ, તા.૦૮

સારા ચોમાસ છતાં પણ શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ટામેટાંનો ભાવ ૧ કિલોગ્રામનો રૂા.૧૮૦ને પાર કરી જતાં અનેક રસોડાઓમાંથી હાલ પુરતાં ટામેટાં અદશ્ય થવાની તૈયારી છે. જ્યારે આગામી બે મહિના સુધી શાકભાજી સહિતના ભાવમાં ઘટાડો થવાની કોઈ સંભાવના ન હોવાનું જાણવા મળ્યું છે.



મળતી જાણકારી અનુસાર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી ઠલવાતી શાકભાજીની કરતાં ઓછો જથ્થો પહોંચી રહ્યો છે. જિલ્લામાં કઠોડ પછી શાકભાજીના ભાવ ઉંચકાતા હવે લોકોએ એક ટાઈમ શાકભાજી ખાવાનું મન બનાવી લીધુ છે. જયારે ટામેટાના ભાવમાં પણ ભડકો થયા પછી બજારમાં ટામેટા ખરીદવાથી ગૃહિણીઓ માં ફેરવી રહી છે. ચોમાસા દરમ્યાન અનેક શ્રમજીવીઓને રોજગારી ગુમાવવાનો વારો આવ્યો છે ત્યાં શાકભાજીના ભાવમાં થઈ રહેલો વધારો અને લાલચોળ ટામેટા પણ હવે દઝાડતાં હોવાથી હવે પછીની ભોજન ડીશો વધુ મોંઘી થઈ રહી છે. અનેક હોટલોમાં પણ હવે ટામેટા આપવાનું બંધ કરવામાં આવ્યું છે. જ્યારે વેપારીઓના જણાવ્યા અનુસાર ફુલેવર, પરવર, દૂધી અને મરચાંના ભાવમાં પણ વધારો થયો છે. જેના કારણે હોલસેલની સાથે રીટેલ વેચાણ પણ સતત ઘટી રહ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કેરીના ભાવમાં રૂા.૫૦ સુધીનો ઘટાડો

### ૫ થી ૨૦ ઈંચ વરસાદ વરસતાં કેરી બેસ્વાદ બની



બાયડ, તા.૮

જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૫ થી ૨૦ ઈંચ વરસાદ વરસ્યા પછી કેરીનો સ્વાદ બેસ્વાદ બની ગયો છે. ગૌરીવ્રતના કારણે ભાવ ઉંચકાયા પછી હવે બે દિવસથી ૧ કિલોગ્રામ દીઠ રૂા. ૩૦ થી ૫૦ સુધીનો ઘટાડો થતાં કેરીના વેચાણમાં ઉછાળો આવ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર એપ્રિલ-મે મહિનામાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છ જિલ્લામાં વાવાઝોડા અને કમોસમી વરસાદથી કેરીના પાકને મોટું નુકસાન થયુ હતું. જ્યારે કેસર કેરીનું ઉત્પાદન માંડ ૫૦-૬૦ ટકા થતાં ભાવ આસમાને પહોંચ્યા હતા. જિલ્લામાં મે મહિનાના મધ્યાંતર પછી કેસર કેરીનું બજારોમાં આગમન થયું હતું. પરંતુ જીભને દઝાડતાં ભાવના કારણે પ્રજાએ આ વર્ષે કેરીની ઓછી ખરીદી કરી હતી. જ્યારે જુન મહિનામાં કેસર કેરીની વિદાય પછી લંગડો, દસેરી, નીલમ કેરીની બોલબાલા આવી અને બજારો કેરીના પાકથી ઉભરાતા રહ્યા. જુન પછી જુલાઈ મહિનામાં પોશીનાથી સાઠંબા સુધીના વિસ્તારમાં વરસાદ વરસતાં કેરીનો રસ બેસ્વાદ બન્યો છે અને તેની સીધી અસર ભાવ ઉપર જોવા મળી છે. વરસાદ અને વાદળછાયા વાતાવરણના કારણે કેરીના પાકમા જીવાત તેમજ સડો વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ટૂંકમાં આગામી દોઢ સપ્તાહમાં જિલ્લામાંથી કેરીની સંપૂર્ણપણે વિદાયના પગરવ સંભળાઈ રહ્યા છે. જિલ્લામાં રુ.૧૨૦ ના ભાવે વેચાતી કેસર કેરી હવે રુ.૭૦ થી ૯૦ના ભાવે, દસેરી કેરી હવે રુ.૭૦ ના ભાવે અને લંગડો કેરી રુ.૮૦ થી ૯૦ ના ભાવે ૧ કિલોગ્રામ વેચાઈ રહી છે.

# સંસ્કાર સ્કૂલ રાયગઢમાં સામાજિક વનીકરણ વિભાગ સાબરકાંઠા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંભોઈ, તા.૮

હિંમતનગર તાલુકાના રાયગઢ ખાતેની સંસ્કાર સ્કૂલમાં શુક્રવારના રોજ સામાજિક વનીકરણ વિભાગ સાબરકાંઠા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હિંમતનગર વિસ્તરણ રેન્જ રાયગઢની નર્સરીમાં ફરજ બજાવતા વનપાલ અતુલકુમાર કે. મલ્હોત્રા, વનરક્ષક શ્રી રજુસિંહ ચૌહાણએ વિદ્યાર્થીઓને વૃક્ષો કેમ વાવવા તેમજ તેનું કેમ જતન કરવું તેની ખૂબ રમૂજ સાથે સમજ આપી હતી. સ્કૂલના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પટેલ, આચાર્યશ્રી અનુબેન પટેલ, નયનાબેન ભગોરા સહિત સ્કૂલ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલના પટાંગણમાં તેમજ સ્કૂલના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



# સઢા આંગણવાડીમાં 'શ્રી અન્ન વાનગી" હરીફાઈ યોજાઈ...

ગાંભોઈ, તા.૦૮

હિંમતનગર તાલુકાના સઢા ગામે આંગણવાડીમાં ગુરૂવારના રોજ આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ દ્વારા સેજા કક્ષાની 'શ્રી અન્ન' (મિલેટસ) વાનગી હરીફાઈ યોજાઈ હતી. જેમાં મહિલાઓ દ્વારા બાજરી, મકાઈ, જુવાર વગેરે વિવિધ ધાન્ય પાકો માંથી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી હતી. આ કાર્યક્રમમાં પંદર જેટલી આંગણવાડી વર્કર બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય સેવિકા કૈલાશબેન પરમાર, સઢા ગામના માજી સરપંચ રાજેન્દ્રસિંહ રાઠોડ, આરોગ્ય કર્મચારી મિહિરભાઈ પટેલ તેમજ પ્રાથમિક શાળાના શિક્ષક મિલ્કાબેન પટેલ, નીતાબેન પટેલ તથા સઢા ગામની આંગણવાડી વર્કર બહેનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



# તાજપુર મહાદેવના મંદિરે જીવંત શંખ જોવા મળતા લોકોમાં કુતૂહલ સર્જાયું

### જીવંત શંખ જોવા ગ્રામજનો મંદિર ખાતે દોડી આવ્યાઃ મોટાભાગે જીવંત શંખ સમુદ્રમાં જોવા મળે છે





પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે આવેલ મહાદેવના મંદિરે જીવંત શંખ જોવા મળતા ગામજનો મંદિર ખાતે દોડી આવ્યા હતા. પ્રાંતિજના તાજપુર ગામમાં આવેલા મહાદેવ ના મંદિરે બે જીવંત શંખ જોવા મળ્યા હતા તો આ જીવંત શંખ ના સમાચાર વાયુવેગે ગામમાં પ્રસરતા ગ્રામજનો મોટી સંખ્યામાં આ જીવંત શંખને જોવા ઉમટી પડ્યા હતા ત્યારે આ જીવંત બે શંખ ક્યાંથી આવ્યા કેવી રીતે આવ્યા જેવા સવાલોનો ગ્રામજનો માટે ચર્ચાનો વિષય બન્યો હતો અને આ જીવંત શંખ જોઈને ગામ લોકો આશ્ચર્ય માં પડી ગયા હતા.

# ૮ વર્ષીય બાળકને સાપે ડંખ મારતા બેભાન થતા ૧૦૮ મોડાસાની ટીમે કંઈ રીતે બાળકનો જીવ બચાવી લીધો...!!

મોડાસા તાલુકાના માથાસુલીયા ગામમાં સર્પદંશનો ભોગ બનેલ ૮ વર્ષીય બાળક માટે મોડાસા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દેવદૂત સાબિત થતા બાળકનો જીવ બચી ગયો હતો ત્રણ બહેનોનો એકનો એક ભાઈ અને પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકનો આબાદ બચાવ થતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.મોડાસા તાલુકાના માથાસુલીયા ગામમાં રહેતા રાહુલ મગનભાઈ ડોડીયા નામના ૮ વર્ષીય બાળકને સાંજના સુમારે જમણા હાથે સાપે ડંખ માર્યો હતો બાળક સહીત પરિવારજનો ઉંદર કરડી ગયો હોવાનું સમજી ગંભીરતા ન લેતા રાત્રે ૮ વાગ્યાના સુમારે બેભાન થઈ ઘરમાં ઢળી પડતા અને મોઢામાંથી ફીણ નીકળતા પરિવારજનો ગભરાઈ ઉઠ્યા હતા. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને ફોન કરતા મોડાસાના ઈએમટી પ્રમોદભાઈ તથા પાયલોટ મહેન્દ્રસિંહ ગણતરીની મિનિટ્સમાં માથાસુલીયા પહોંચી ગયા હતા અને બાળકને બેભાન અવસ્થામાં હોવાથી ઓક્સિજન આપી તબીબ ની મદદથી સ્થળ પર ઈમરજન્સી સારવાર કરી બાળકને તાબડતોડ સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડતા સ્થિતિ ગંભીર બનતા સીપીઆર આપી બાળકને વેન્ટિલેટર પર મૂકી ઝેર શરીરમાં પ્રસરી જતા ૨૦જેટલા એ.એસ.વી ઈન્જેકશન તેમજ તબીબીઓ સઘન સારવાર આપી બચાવી લીધો હતો



તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો જતીન પટેલ અને તેમની આરોગ્ય કર્મીઓની ટીમ દ્વારા ગત એપ્રીલ માસમાં પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કુલ ૮૨૬ દર્દીઓને આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ સારવાર આપી ૪૭૬૭૮૮૦ રૂપિયાનો કલેમ કરી સમગ્ર જિલ્લામાં તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર PMJAY યોજના અંતર્ગત પ્રથમ ક્રમે આવતા તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલ અને તેમની ટીમને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામા શાકભાજીના ભાવ આસમાને જતા ગૃહિણીઓ લાલઘુમ : ટામેટાએ રેકોર્ડ તોડયો ૧૦૦ થી ૧૨૦ને પાર

### શાકભાજીના ભાવ વધતા ગૃહિણીઓના બજેટ ઉપર અસર



પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા હાલતો વિવિધ શાકભાજી ના ભાવ ઉંચા જતા ગૃહિણીઓના બજેટ ઉપર અસર જોવા મળી છે તો ભાવ વધારા ને લઈ ને ગૃહિણીઓ લાલગુમ. મોંઘવારીએ હાલતો માજામૂકી છે અને જીવન જરૂરિયાત ની તમામ ચીજ વસ્તુઓ સહિત દુધ , દહી સહિત ની તમામ ખાધ્ય ચીજવસ્તુઓના ભાવો આસમાને પચહચ્યા છે ત્યાર શાકભાજી ના ભાવ મા પણ વધારો થયો છે તો ટામેટાએ તો રેકોર્ડ તોડયો છે ૧૦૦ થી ૧૨૦ પાર ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા મા શાકભાજી ફલાવર , કોબીજ , ચોળી , તુવેર , વટાણા , ધાણા , મરચા , રીંગણ , રવૈયા સહિત ની વિવિધ શાકભાજી ના ભાવ આસમાને પોહચતા રોજીંદુ શાકભાજી ખરીદી કરતી ગૃહિણીઓમા ભાવ વધારા ને લઈ ને નારાજગી જોવા મલી રહી છે અને ભાવ વધારાથી તેવોના બજેટ ઉપર પણ અસર થઈ છે તો અતિશય ભાવ વધારાથી ગૃહિણીઓ લાલગુમ જોવા મળી રહી છે તો આ વખતે શાકભાજી મા ટામેટા ના ભાવમા રેકોર્ડ તોડ ૧૦૦ થી ૧૨૦ ભાવ વધારો થતા ટોમટા ઉપર હાલતો સોશિયલ મિડિયા મા વોટશોપ - ફેસબુક ઉપર જોક્સ બની રહ્યા છે.

| રીટેલ | ભાવ |
|---|---|
| એક કિલોનો | ભાવ |
| ફલાવર | ૬૦થી૮૦ |
| કોબીજ | ૨૫થી૩૦ |
| રીંગણ | ૫૦થી૬૦ |
| રવૈયા | ૫૦થી૬૦ |
| બટાકા | ૨૦થી ૨૫ |
| ડુંગરી | ૨૫થી ૩૦ |
| મરચા | ૮૦ થી ૧૦૦ |
| ધાણા | ૧૨૦-૧૪૦ |
| ભીંડા | ૪૦થી ૫૦ |
| ટામેટા | ૧૦૦થી૧૨૦ |
| ગાજર | ૫૦થી ૬૦ |
| વટાણા | ૧૦૦ થી ૧૨૦ |
| ચોળી | ૬૦થી ૭૦ |
| હોલસેલ ભાવ | (મણ ના) |
| ફલાવર | ૬૦૦ થી ૭૦૦ |
| કોબીજ | ૩૦૦ થી ૩૫૦ |
| રીંગણ | ૬૦૦ થી ૭૦૦ |
| રવૈયા | ૬૦૦ થી ૭૦૦ |
| બટકા | ૨૫૦ થી ૩૦૦ |
| ડુંગરી | ૪૦૦થી૪૪૦ |
| ધાણા | ૧૦૦ થી ૧૦૦ |
| ભીંડા | ૫૦૦થી ૫૦૦ |
| ટામેટા | ૯૦ થી ૧૦૦ |

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શરૂ કરાયેલી બાલવાટિકાઓમાં સંખ્યા વધી જતાં અગવડ વધી

### નાના ઓરડાઓમાં ૩૦ થી વધુ બાળકોને બેસાડાતાં બિમારીની શક્યતા વધી : ધો.૧ના શિક્ષકો પર બે વર્ગોનું ભારણ અસહ્ય

બાયડ, તા.૦૮

નવી શિક્ષણનીતિ અનુસાર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સરકારી પ્રા.શાળાઓમાં બાલવાટિકાના વર્ગો હાંસેહોંસે શરુ કરાયા પરંતુ અનેક શાળાઓમાં ભુલકાઓની સંખ્યા વધી જતાં બેસાડવાની અગવડ વધી છે. નાના ઓરડાઓમાં ૩૦ થી વધુ બાળકોને બેસાડાતાં બાળકો બિમારીમાં સપડાય તેવી શક્યતા વધી ગઈ છે. જ્યારે ધો.૧ના શિક્ષકો પર બાલવાટિકા ઉપરાંતનું ભારણ અસહ્ય થયાનું જોવા મળ્યું છે.

મળતી જાણકારી અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતમાં ગત જૂન-૨૦૨૩થી નવી શિક્ષણનીતિનો અમલ કરવાની સાથે સાથે તા. ૧ જૂન, ૨૦૨૩ની સ્થિતિએ ૬ વર્ષ પૂરા કર્યા હોય તેવા બાળકોને ધો.૧માં પ્રવેશ આપવાનો નિયમ અમલી બનતાં આ વર્ષે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૩૪,૦૦૦થી વધુ બાળકો ધો.૧માં પ્રવેશથી વંચિત રહ્યા છે અને તેમને સરકારી પ્રા.શાળાઓમાં શરૂ કરાયેલી બાલવાટિકાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. જિલ્લાની અનેક શાળાઓમાં ઓરડાઓની ઘટ પ્રવર્તી રહી છે અને આવી શાળાઓમાં પણ બાલવાટિકાના વર્ગો શરૂ થતાં કેટલીક શાળાઓમાં ઓછા વર્ગોના કારણે બાળકોને ખુલ્લામાં અભ્યાસ માટે બેસાડવા પડે તેવી સ્થિતિ છે. જ્યારે બાલવાટિકામાં અન્ય ધોરણ કરતાં સંખ્યામાં વધારો જોવા મળ્યો પરંતુ ઓરડાઓ નાના હોવાના કારણે ભુલકાંને ઠાંસી-ઠાંસીને બાલવાટિકા વર્ગમાં બેસાડવા પડતા હોવાથી બાળકોમાં વાઈરલ સહિત ચેપી રોગચાળો વકરવાની દહેશત સેવાઈ રહી છે. જ્યારે ધો.૧ના શિક્ષક બાલવાટિકાના નાનાં ભુલકાંને સાચવે કે પછી ધો.૧ માં અભ્યાસ કરતાં બાળકોને ભણાવે? આવી સ્થિતિમાં સરકાર અને શિક્ષણ વિભાગે યોગ્ય હલ લાવવો પડશે અન્યથા અનેક શાળાઓમાં બાળકો માંદગીમાં સપડાય તેવી દહેશત સેવાય છે.

#### અનેક શાળાઓમાં ૩વર્ગો વચ્ચે માત્ર એક શિક્ષક

બાલવાટિકાના વર્ગો શરૂ કર્યા પછી જિલ્લાની ૫૦૦ થી વધુ શાળાઓમાં ગંભીર વિટંબના બહાર આવી છે. જેમાં બાલવાટિકા, ધો.૧ અને ધો.૨ એમ કુલ ૩વર્ગો વચ્ચે માત્ર એક વર્ગખંડ અને એક શિક્ષક હોવાના કારણે શું બાળકોને સારું શિક્ષણ મળશે ? શિક્ષક બાળકોને ન્યાય આપી શકશે ? તેવા અનેક સવાલ ઉદભવી રહ્યા છે.